<u>**એમ.એ.સી.પી. નંબર :- ૨૮૦/૨૦૧૯.**</u>

**-: આંક – ૧ લગત હુકમ :-**

(૧) આજરોજ અરજદાર તથા અરજદારના વિ.વકીલ શ્રી એ.ડી.રાવલ તથા સામાવાળા નં. ૨ બજાજ આલીયાન્ઝ જનરલ ઈન્સ્યોરન્સ કંપની લી. તરફે તેમના ઓફીસરશ્રી તથા વિ. વકીલ શ્રી એચ.એન.પટેલએ હાજર થઈ લોકઅદાલતમાં આંક – ૨૧ થી સમાધાન પુરસીસ આપી **રૂ.૧,૭૦,૦૦૦/-(અંકે રૂપિયા એક લાખ સીત્તેર હજાર પુરા)** વળતર તરીકે અરજદારને ચુકવવા સહમતી આપેલ હોઈ, જે બંને પક્ષકારોને કબુલ મંજુર હોઈ, હાલની વળતર અરજીના કામે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**// હુ ક મ //**

(૧) આ કામના સામાવાળા નં. (૨) બજાજ આલીયાન્ઝ જનરલ ઈન્સ્યોરન્સ કંપની લી. એ આ કામના અરજદારને **રૂ.૧,૭૦,૦૦૦/-(અંકે રૂપિયા એક લાખ સીત્તેર હજાર પુરા)** અકસ્માત વળતર તરીકે એક માસમાં ચુકવી આપવા. જો સામાવાળા નં. (૨) ની વિમા કંપની અરજદારને વળતરની રકમ એક માસમાં ચુકવવામાં કસુર કરે તો વળતરની રકમ અરજદાર ૯% વ્યાજ સહિત વસુલ મેળવવા હક્કદાર રહેશે.

(૨) સદર કામ લોક અદાલતમાં ફેંસલ થયેલ હોઈ વળતરની ૫૦% રકમ એકાઉન્ટ પેઈ ચેકથી અરજદારને ચુકવવી તથા ૫૦% રકમ પાંચ વર્ષ માટે કોઈપણ નેશનલાઈઝ બેંકમાં ફીક્સ ડીપોઝીટ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) સામાવાળાએ વળતરની રકમ ઉપર મળવાપાત્ર વ્યાજ ઉપર ટી.ડી.એસ. સંદર્ભે નામદાર ગુજરાત હાઈકોર્ટે હંસાગૌરી પ્રફુલચંદ્ર લાધાણી અને બીજાઓ વિરૂદ્ધ ઓરીએન્ટલ ઈન્સ્યોરન્સ કંપની લીમીટેડ, ૨૦૦૭ એ.સી.જે. પેજ નં. ૧૮૯૭ માં જણાવેલ માર્ગદર્શક સિદ્ધાંતોનું પાલન કરવું.

(૪) હુકમ મુજબ હુકમનામું દોરવું.

આ હુકમ આજરોજ લોક અદાલતમાં જાહેર કર્યો.

તા. ૧૧/૦૯/૨૦૨૧.

પાટણ.

**( દિલીપ આણંદજીભાઈ હીંગુ )**
વાહન અકસ્માત વળતર પંચશ્રી(મુખ્ય),
<u>**પાટણ.**</u>
<u>**( Judge U.I.Code No. GJ 00403 )**</u>